## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*ગમે તે જીતે, મત મશીનને માર પડશે !*
*ગમે તે જીતે હવે તો વેરાનો ભાર પડશે !*
*માર પડશે, ચૂંટણી ખર્ચનો લાંચ-રૂશ્વતે -*
*ને બગલો જશે તો મગરનો માર પડશે !*

### હાઈકુ

*બંધાવે આશા !*
*પક્ષ તરફી 'છાપાં' -*
*તોડ-મરોડે...*
*(અંદાજી અનુમાનો)*

*થશે પ્રારંભ -*
*'સીમ સીમ ખૂલજા -'*
*અલાઉ-દીનો...*
*(ભાગ્યશાળી નેતાઓ)*

### ચિંતન

*યથાર્થવાદિતા પુંસાં શ્રદ્ધાજનનકારણમ્ ।*
*વેદસ્યેશ્વરવાક્ય ત્વાદ્યથાર્થત્વે ન સંશયઃ ॥*

ઉપરોક્ત શ્લોક 'શ્રદ્ધા-સૂત્ર'માંથી લેવામાં આવેલ છે.

જેવું હોય તેવું સત્ય બોલવું એ મનુષ્યોને શ્રદ્ધા ઉત્પન્ન થવાનું કારણ છે. વેદ ઈશ્વરના વચન છે. તેથી તેની યથાર્થતામાં કોઈ સંશય નથી.

સત્ય એ જ ધર્મ-પંથ-સંપ્રદાય અને પરમાત્મા છે. સત્યથી હરિશ્ચંદ્ર વિજયી થયા. ગાંધીજીએ આઝાદી અપાવી, સત્ય જ ઈશ્વર છે. ઈશ્વર જ સત્ય છે. એમાં જરા પણ સંશય રાખવો નહીં. અસત્ય માનવ બુદ્ધિનો દુરુપયોગ છે.

### સુવિચાર

- તમારું લક્ષ્ય મોટું હોય અને એના ઉપર હસવા વાળું કોઈ ન હોય તો સમજવું કે તમારું લક્ષ્ય ઘણું નાનું છે - **મોરારિ બાપુ**
- જ્ઞાનથી પ્રભાવને જાણી શકાય, પ્રેમથી સ્વભાવને જાણી શકાય, શિસ્તનું નિર્માણ પ્રેમથી જ થઈ શકશે - **ઓશો**
- આપણો પ્રપંચ વધી ગયો છે એટલે પ્રસન્નતા રોકાઈ ગઈ છે - **વજુ કોટક**
- માણસના લક્ષણને બદલે એનું નામ શિક્ષણ, શિક્ષણ દ્વારા આજે શીલનું નિર્માણ થાય એ જરૂરી છે - **એસ. ભટ્ટાચાર્ય**
- પરમતત્ત્વ પરીક્ષાનો વિષય નથી, પ્રતિક્ષાનો વિષય છે - **સુમન શાહ**
- ધનને ફળ ન માની લેવું, એ જીવનનું ડાયવર્ઝન છે - **રોહિત પટેલ**
- આજનું ઔષધ : કાળી દ્રાક્ષ અને આખા ધાણા પાણીમાં પલાળી સવાર-સાંજ પીવાથી આધાશીશી મટે છ

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

અબ્રાહ્મ લિંકન સમક્ષ એક યુવાન વિલીયમ સ્કોટને હાજર કરવામાં આવ્યો. એના પર એવો આરોપ હતો કે એ પોતાની ફરજ પર સૂઈ ગયો હતો અને એને મૃત્યુદંડની સજા ફરમાવવામાં આવી હતી. લિંકને વિલિયમને કહ્યું, 'તું તારું બીલ ચૂકવી આપીશ, તો તને આ મૃત્યુદંડની સજા હું માફ કરી દઈશ.' સૈનિક સ્કોટ વિચારમાં પડી ગયો. એણે કહ્યું, 'હું મારી સઘળી મિલ્કત વેચી નાખું તો પણ મારી પાસે બહુ બહુ તો બે હજાર ડૉલર આવશે. એમાં હું શું કરી શકું ??' લિંકને કહ્યું, 'ના, ભાઈ, તારે તારું દેવું સૈનિક તરીકેની તારી ફરજ બજાવીને ચૂકવવાનું રહેશે.' સ્કોટને યુદ્ધના મેદાનમાં સેવા માટે મોકલી દેવામાં આવ્યો અને છ જ મહિનામાં યુદ્ધ શરું થયું. સ્કોટની સાથે સૈનિકોની ટુકડી નદી ઓળંગતા હતા. ત્યારે નદીનો પ્રવાહ વધુ હોવાથી સૈનિકો સરખું તરી ન શકતા હોવાથી સ્કોટે પોતાની જાનના જોખમે દસેક સાથીઓને નદીની પાર ઉતાર્યા. અગિયારમાં સૈનિકને નદી પાર કરાવતો હતો ત્યાં દુશ્મનની ગોળી એના માથા પર વાગી અને એણે જળસમાધિ લીધી. લિંકન પાસેથી મૃત્યુદંડમાંથી ક્ષમા પામેલા વિલિયમ સ્કોટે પોતાનું જીવન બલિદાન આપીને પ્રમુખને દેવું ચૂકતે કર્યું.

# ઈવીએમ સામેનો હોબાળો ઠારવો જોઈએ

તંત્રીસ્થાનેથી...

આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી ડૉ. ચંદ્રાબાબુ નાયડુ અને પશ્ચિમ બંગાળનાં મુખ્યમંત્રી મમતા બેનરજીએ ચૂંટણીપંચ સમક્ષ ઈવીએમ સંદર્ભે વ્યાપક ગરબડોની સંભાવના હોવાની દહેશત દર્શાવી છે. આમ આદમી પાર્ટીના પ્રવક્તા સંજય સિંહે પણ વીવીપેટની સ્લિપ અને ઈવીએમમાં પડેલ મત વચ્ચે તફાવત જોવા મળે તો આખી ચૂંટણી રદ કરવાની માગણી કરી છે. વિપક્ષો 'મોદી હટાઓ' ના એક મુદ્દાના કાર્યક્રમમાં એટલા વ્યસ્ત રહ્યા કે એમને એનડીએ ગઠબંધનને ઉખાડી ફેંકવાનું સપનું સાકાર થતું દેખાવા લાગેલું; અને તનતોડ મહેનત કરીને દેશભરમાં મોદી વિરોધી વંટોળ ઊભો કર્યા છતાં જયારે એક્ઝિટ પોલ બિલકુલ એનડીએની આલબેલ પોકારવા લાગ્યા ત્યારે સ્વાભાવિક રીતે જ બધા ઘાંઘા થઈ ગયા છે. એમને પોતપોતાની ગણતરીઓથી વિરુદ્ધ આવેલ એક્ઝિટ પોલ એ કેન્દ્ર સરકાર દ્વારા પોષિત બલકે રીતસર ખરીદાઈ ગયેલ મીડિયાએ બુદ્ધિપૂર્વક કરેલું કાવતરું લાગી રહ્યું છે. એનડીએ સરકાર પાછી આવી રહી છે અને આંકડો ત્રણસો પાર કરી જવાની છે એવી આત્મવિશ્વાસથી છલોછલ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષની આગાહીને પણ વિપક્ષી નેતાઓ આ કાવતરાના જ ભાગરૂપે જોઈ રહ્યા છે. જે રાજયોમાં ગત થોડા મહિનાઓ પહેલાં થયેલી વિધાનસભાની ચૂંટણીમાં ભાજપનો કિલ્લો ધરાશાયી થયો હતો ત્યાં પણ લોકસભાની ચૂંટણીમાં ભાજપ અગાઉની ૨૦૧૪ની લોકસભાની જેમ કોંગ્રેસનો સફાયો કરવામાં સફળ થશે એવા એક્ઝિટ પોલના વરતારા સામાન્ય માણસને પણ ગળે ઊતરે એવા નથી. પરંતુ આમાં પણ વિપક્ષોને તો હવે લોકસભા વખતે ઈવીએમની ગરબડ થવાની સંભાવના નથી એવો ભ્રમ ઊભો કરવા માટે જ આયોજનપૂર્વક એ ચૂંટણીઓમાં ઈવીએમ સાથે ચેડાં નહોતાં કરાયાં. આથી વારંવાર ઈવીએમ ગરબડ બાબતે ઊહાપોહ કરતા વિપક્ષોને મોદી અને શાહ એમનાં જાહેર ભાષણોમાં સંભળાવતા રહ્યા કે જયારે એમની તરફેણમાં પરિણામો આવે છે ત્યારે ઈવીએમ એમને ચોખ્ખાંચણાક લાગે છે જયારે એમની વિરુદ્ધ પરિણામો આવે ત્યારે એ ગરબડવાળાં લાગે છે. આમ પ્રજામાં પણ વિપક્ષોની ઈવીએમ વાળી જળોજથાનો કોઈ પ્રભાવ ન જ રહે તે સ્વાભાવિક છે. પરંતુ મમતા બેનરજી અને ચંદ્રાબાબુ સહિતના તમામ વિપક્ષી નેતાઓને પાકી દહેશત છે કે આવી ગરબડ થવાની જ છે. રાતોરાત ઈવીએમ બદલાઈ જવાની દહેશતથી વિપક્ષી નેતાઓ આકળવિકળ થઈ રહ્યા છે. એટલા સારું એમણે ઈવીએમની સુરક્ષા મજબૂત કરવા માટે ઘા નાખી છે અને વીવીપેટ સાથે સરખામણી મુદ્દે પણ કડક વલણ અપનાવ્યું છે. દેશભરમાં લગભગ દરેક રાજયમાં ભાજપ માટે સાનુકૂળ પરિણામો આવવાની સંભાવના દર્શાવતી ચેનલો અને એજન્સીઓને રાહુલ ગાંધીથી લઈ તમામ વિપક્ષી નેતાઓએ કાવતરું કરનાર, ખરીદાયેલ ભાજપના એજંટો માની લીધેલ છે. આવો વહેમ દૂર કરવા માટે અને ચૂંટણી પંચ પણ માત્ર પીએમના ખીસામાં મુકાયઈ ગયેલું છે એવા આક્ષેપોનું નિરસન કરવા માટે ઈવીએમ અને વીવીપેટની સરખામણીના મુદ્દે તથા ઈવીએમ રાતોરાત બદલાઈ ન જાય એ માટે ચૂંટણીપંચે સાવધ રહેવાની જરૂર છે. કદાચ મોદી પહેલા વડાપ્રધાન છે જેમની વિશ્વસનીયતા મુદ્દે વિપક્ષો આટલી હદે આશંકિત છે.

# ...જોયું તમે રેવન્યુ ડિપાર્ટમેન્ટમાં હજુ સુધી આવા... નમૂના પણ છે

નવાં કલેવર
નટવર હેડાઉ

નવા મામલતદાર સાહેબે કાલે ડ્યુટી જોઈન્ટ કરી હતી. સાંભળવા એવું મળેલું કે ખૂબ તેજ તર્રાર છે. આખો દિવસ ઓફિસમાં તેમની જ ચર્ચા ચાલતી રહી. બધા જાત જાતની ધારણાઓ અને અટકળો કરતા હતા. તે જયાંથી આવેલા છે તે ગામથી લઈને અભ્યાસ, તાલીમ, તેમના મિત્રો, સગાંસંબંધીઓ, ઓળખીતા કોણ છે કે જેના દ્વારા સાહેબના વર્તન, વાણી, વિચાર, આચાર, કાર્યપદ્ધતિ, ચરિત્ર વિશે જાણી શકાય. સૌ કોઈ વિસામણમાં હતા. કોઈ ચોક્કસ આધારભૂત માહિતી પ્રાપ્ત થતી ન હતી.

આજ ઓફિસ ટાઈમ બાદ તેમણે સ્ટાફ સાથે પરિચય માટે મીટીંગ રાખી. સ્ટાફના બધા લોકો સમયસર મીટીંગ રુમમાં એકથા થયા. સૌ એકબીજાની સામે જોતા હતા.

થોડીવારમાં સાહેબ તેમની સામે જ આવી ખુરશીમાં બેઠા. સૌ કોઈ તેમની બોડી લેંગ્વેજનો અભ્યાસ કરતા હતા. પણ કંઈ સમજાતું ન હતું.

સાહેબે કહ્યું, 'સાથી મિત્રો, આપણે સૌ એક નાવના યાત્રીકો છીએ. આ મીટીંગ એક બીજાને જાણવા સમજવા માટે રાખવામાં આવી છે અત્યારે કોઈ અધિકારી કે કોઈ તાબામાં નથી. સૌ પોતાનો પરિચય રેકોર્ડ મુજબ બતાવે તે જરૂરી છે.'

તાલુકાના કર્મચારીઓ એક પછી એક પોતાનો પરિચય આપવા લાગ્યા. 'સર, હું સીનીયર કલાર્ક છું, ૧૮ વર્ષથી કામ કરું છું.' બે વખત સસ્પેન્ડ થયો છું, અને ત્રણ વાર મને છૂટા કરવાની નોટીસો મળી છે. એ.સી.બી.નો એક કેસ ચાલે છે.

બીજા એક જણે કહ્યું, 'સર, મારું નામ રોકડલાલ છે. દસ વર્ષથી સર્વીસમાં ચાર વખત મારા પર વહીવટી ચૂક માટે શિક્ષણાત્મક કાર્યવાહી થઈ ચૂકી છે. છતાં આપ જેવા અધિકારીઓની કૃપાથી દરેક વખતે હું બચી ગયો છું.'

મામલતદાર સાહેબ ડોકું હલાવી સ્મિત વેરતા બધાની વાતો ધ્યાનથી સાંભળી રહ્યા હતા.

હવે શુકલાજીનો વારો હતો. તે ઊભા થઈને પોતાનો પરિચય આપવા લાગ્યા. 'સર, મારું નામ સત્યાર્થ શુકલા છે. હું તાલુકામાં રીડરની પોસ્ટ પર કાર્યરત છું. મેં હંમેશા લગન અને ઈમાનદારીપૂર્વક કામ કર્યું છે. વીસ વર્ષની સર્વિસ પુરી થઈ ચૂકી છે. પરંતુ હજુ સુધઈ એક પણ વાર સસ્પેન્ડ થયો નથી કે મારા વિરુદ્ધમાં કોઈ પણ પ્રકારની વિભાગીય કાર્યવાહી થઈ નથી.' કહેતાં તેમની છાતી ગર્વથી ફુલી ગઈ.

મામલતદાર સાહેબ તેમની વાત સાંભળી ખુબ હસ્યા અને કટાક્ષમાં કહેવા લાગ્યા. 'જોયું તમે રેવન્યુ ડિપાર્ટમેન્ટમાં હજુ સુધી આવા... આવા... નમૂના પણ છે. જે વીસ વર્ષની સર્વીસમાં એક પણ વાર સસ્પેન્ડ નથી થયા. ભઈ, તેમને તો એજ્યુકેશનમાં હોવું જોઈએ.'

આખો ઓરડો હસાહસથી ગૂંજી રહ્યો હતો. અને શુકલાજી અવાક્ ઊભા હતા. તેમના ચહેરા પર નૂર ઉડી ગયું હતું.

**આખો ઓરડો હસાહસથી ગૂંજી રહ્યો હતો, અને શુકલાજી અવાક્ ઊભા હતા, તેમના ચહેરા પર નૂર ઉડી ગયું હતું**

# દરેક સંતાનો સાથે મા-બાપનો યોગ્ય અને વાજબી વ્યવહાર

આવો જીવીએ શાનદાર
વિનોદ અમલાણી
amlani2000@yahoo.co.uk

**(ગતાંકથી ચાલુ)**

નાની દીકરીનો અભ્યાસ પૂરો થયો તે સમયથી લઈને તેને સાસરે વળાવી એ સમય દરમ્યાન મા-બાપનું ધ્યાન સંપૂર્ણ રીતે નાની દીકરી ઉપર જ કેન્દ્રિત થયું હતું. નાની દીકરી ઉપર માત્ર લગ્ન પૂરતું જ ધ્યાન કેન્દ્રિત નહોતું થયું પણ લાડ, પ્યાર અને સ્નેહ પણ નાની દિકરી ઉપર જ વરસી રહ્યા હતા એવી લાગણી મોટી દીકરીને થઈ રહી હતી. મોટી દિકરી પણ લગ્ન માટે ઉમરલાયક હતી. મોટી હોવાના નાતે સામાજીક પ્રણાલી પ્રમાણે લગ્નનો પણ પહેલો અધિકાર તેનો જ હતો. આમ છતાં પણ સામાજીક પ્રણાલીને કોરાણે મૂકીને, મોટી દીકરીને એક તરફ ધકેલીને, તેની લાગણીની ખેવના ના કરીને મા-બાપે નાની દીકરીના લગ્ન કરી દીધા તેને કારણે મોટી દીકરીના મનમાં અવળી અસર થઈ. તે નિરાશ થઈ ગઈ. તે માનસિક રીતે ભાંગી પડી, તેના અરમાનો વેરવિખેર થઈ ગયા અને તે ભાંગીને ભુક્કો થઈ ગઈ.

પોતાના માન અને મોભા પ્રમાણે મોટો ખર્ચ કરીને નાની દીકરીના લગ્ન કરી દીધાં ત્યાર પછી પણ મોટી દીકરીના લગ્ન માટે મા-બાપે લાંબા સમય માટે કઈ જ હલચલ ના કરી. આમ ના કરવા પાછળ મા-બાપના મનમાં કોઈપણ જાતની ગણતરીઓ હોય શકે. તેની પાછળ કોઈપણ કારણ હોય શકે પણ મા-બાપના આ પ્રકારના અભિગમને કારણે મોટી દિકરી એકદમ નિરાશ થઈ ગઈ, હતાશ થઈ ગઈ અને તેને કારણે માનસિક તાણનો ભોગ બની ગઈ.

મોટી દીકરી સુંદર હતી, કુશળ હતી, તેનામાં આવડત હતી અને તે સુલક્ષણા હતી તેને કારણે કદાચ મા-બાપે તેની સાથે જે પ્રકારનો વ્યવહાર કર્યો તેના કરતાં વધારે વ્યવહારુ વ્યવહાર નાની દિકરી સાથે કર્યો. બંને દિકરીઓ વચ્ચે વાજબી અને યોગ્ય વ્યવહાર ના થયો તેને કારણે મોટી દીકરીના અરમાનોનું ગળુ ઘૂંટાઈ ગયું.

ભગવદ ગીતાના પેલા શ્લોક પ્રમાણે તો સર્વે લોકો પ્રત્યે સમભાવ રાખવાનો ઉપદેશ આપવામાં આપ્યો છે જ્યારે આ કિસ્સામાં તો મા-બાપના બે દિકરીઓ સાથેના સમ વ્યવહારની વાત છે. મા-બાપ દ્વારા આ પ્રકારનો વ્યવહાર થયો નહીં જેને કારણે મોટી દીકરી હતાશાની ઊંડી ગર્તામાં તો ધકેલાઈ જ ગઈ સાથે સાથે તેનું સંસારિક ભવિષ્ય પણ અંધકારમય બની ગયું.

અંગત સંબંધીઓ સાથેના વ્યવહારમાં અને ખાસ કરીને માં-બાપના પોતાના સંતાનો સાથેના વ્યવહારમાં બે પ્રકારના મંતવો પ્રવર્તે છે. એક મંતવ્ય એવું છે કે મા-બાપે પોતાના દરેક સંતાનો સાથે સમ એટલે કે સરખો વ્યવહાર કરવો જોઈએ. બીજો મત એવો પ્રવર્તે છે કે મા-બાપે પોતાના દરેક સંતાનો સાથે એકસરખો નહીં પણ યોગ્ય અને વાજબી વ્યવહાર કરવો જોઈએ. આ વાત માત્ર મા-બાપ અને બાળકો વચ્ચેના વ્યવહારની જ નથી, ભાઈઓ સાથેના વ્યવહારમાં, બહેનો સાથેના વ્યવહારમાં, એકસરખા સંબંધો ધરાવતા સંબંધીઓ, સ્નેહીઓ, કુટુંબીજનો, મિત્રો, સહકર્મચારીઓ અને પાડોશીઓ સાથેના વ્યવહારમાં પણ સમાન વ્યવહાર કે યોગ્ય વ્યવહાર વિષે ચર્ચાઓ થતી રહે છે. ભગવદ ગીતામાં પણ સમ વ્યવહારની શ્રીકૃષ્ણએ શીખ આપેલી છે તેનું અર્થઘટન ઘણા ભાસ્યકારોએ એવું જ કર્યું છે કે બધા સાથે યોગ્ય અને વાજબી વ્યવહાર કરવો જોઈએ.

આપણે પેલા મા-બાપ અને બે દિકરીઓનું ઉદાહરણ લઈને ચર્ચા કરીએ તો એ મા-બાપ દ્વારા પોતાની બંને દિકરીઓ સાથે યોગ્ય વ્યવહાર થવો જોઈતો હતો. બંને દીકરીઓની પરિસ્થિતી, કુશળતા, લાયકાત, યોગ્યતા અને જરૂરિયાતો જુદી જુદી હતી. વ્યક્તિ સાથેનો યોગ્ય કે વાજબી વ્યવહાર પણ બધા પરિબળોને આધારે જ નક્કી થતો હોય છે.

જે મા-બાપને એક થી વધારે સંતાનો હોય તો કોઈ જ મા-બાપને તેના સંતાનો પ્રત્યે ઓછો કે વધારે પ્રેમ નથી હોતો. જો કે એ પણ વાસ્તવિકતા છે કે પ્રેમ એ કઈ તરાજુમાં નાખીને માપવાની ચીજ નથી કે ક્યા પલ્લામાં એ વધારે છે અને ક્યા પલ્લામાં ઓછો છે એ જાણી શકીએ. આમ છતાં બેમાંથી એક દીકરીની ભવિષ્ય વિષેની અનિશ્ચિતતા અને તેને કારણે થતી ચિંતાને કારણે આ-બાપ કદાચ પોતાની વ્યવહારુ સમજણ ચૂકી જાય એવું બની શકે. તેને કારણે મા-બાપ જાણે-અજાણ, ક્યારેક ગાંધારીની જેમ આંખે પાટા બાંધીને નિર્ણયો લઈ લેતા હોય એવું બની શકે. આવું થાય છે ત્યારે સ્વાભાવિક રીતે જ મા-બાપનો ઝોક એક તરફ વધારે નમી જતો હોય છે. આવું થાય તો પણ તેનો અર્થ હરગિજ નથી થતો કે મા-બાપને બંને સંતાનો વચ્ચે પ્રેમ અને લાગણી વધારે-ઓછી છે.

મહાભારતની કથાથી આપણે સૌ વિદિત છીએ કે ધૃતરાષ્ટ્રની જવાબદારી પોતાની સો પુત્રો પૂરતી જ સીમિત ન હતી. તેમની પોતાના બંધુપુત્રો પાંડવો પ્રત્યે પણ એટલી જ જવાબદારી હતી. આમ છતાં પોતાના પુત્રો પ્રત્યેના મોહને કારણે તેઓ જીવન પર્યંત પાંડવોને અન્યાય કરતાં રહ્યા. આમ કોઈ એક સંતાન પ્રત્યેના મોહને કારણે મા-બાપ ક્યારેક એવા નિર્ણયો લઈ બેસતા હોય છે જેને કારણે બીજા સંતાનને એવી લાગણી થાય છે કે પોતાને અન્યાય થઈ રહ્યો છે. તેમને એવું પણ થાય છે કે પોતાની લાગણીની મા-બાપ ખેવના નથી કરતાં અને પોતાની અવગણના થઈ રહી છે. આ પ્રકારની લાગણીને કારણે એ સંતાન પેલી મોટી દીકરીની જેમ હતાશાની ઊંડી ગર્તામાં ધકેલાઈ જઈને ક્યાં માટે માનસિક તાણનો ભોગ બની જતું હોય છે. આ સંતાન સમય જતાં પોતાના ભાઈ-બહેન અને ક્યારેક પોતાના મા-બાપને નફરત કરવા લાગે એવું પણ બની શકે. આ સંતાન પોતાના કુટુંબ સામે વિદ્રોહ કરીને, પોતાની મનમાની કરીને પોતાના કુટુંબીજનો સાથેનો નાતો કાયમ માટે તોડી નાંખે એવું પણ બની શકે.

મા-બાપનું દરેક સંતાન અલગ માટીનું હોય છે. દરેક સંતાનની કેટલીક ખામીઓ હોય છે તો કેટલીક વિશિષ્ટતાઓ પણ હોય છે. મા-બાપ એ ખામીઓ અને એ વિશિષ્ટતાઓ પારખી શકે, નજીકથી પિછાણી શકે અને તે પ્રમાણેની જરૂરિયાત મુજબ પોતાના સ્નાતનો સાથે વ્યવહાર કરી શકે તો એ વ્યવહાર યોગ્ય અને વાજબી જ હોય. આ પ્રકારે માં-બાપ દ્વારા સંતાનો સાથે થયેલા યોગ્ય અને વાજબી વ્યવહાર રૂપી લીંપણ ઉપર પ્રેમ અને સ્નેહ રૂપી ગેરુનો રંગ ચઢે પછી તો એ ઘરની બધીયે દીવાલો અને એ ઘર પણ સુશોભીત થઈ ઊઠે.

# સાંભળો છો ને ? નરેન્દ્ર મોદી ફરીથી વડાપ્રધાન બને છે

મોરપીંછના રંગ
ડૉ. કનૈયાલાલ ભટ્ટ

હિંદુસ્તાન ફરી એકવાર નવી દિશા, નવો વિકાસ અને નવી ઊર્જાના દરવાજા પર આવીને ઊભો છે. તા. ૨૩/મે ના રોજ આ દરવાજાઓ ખૂલી જશે અને ફરી એકવાર શ્રી નરેન્દ્ર મોદી દેશના સર્વોચ્ચ સિંહાસને બિરાજમાન થશે. હું જાણું છું કે મારા ઘણા સાહિત્યિક, શૈક્ષણિક, સામાજિક કે સરકારી મિત્રોને મારી આ પૂર્વધારણા નહીં ગમે, કદાચ કોઈને એમ પણ લાગે હું ન.મોનો ભક્ત છું. પણ એવું કશું જ નથી.. જે સત્ય છે એને સ્વીકરવું તો પડશે જ. આજે આખા દેશનો માહોલ ન.મો તરફી છે. કદાચ વર્ષ ૨૦૧૪થી પણ વધુ મોટી લહેર આ વખતે ન.મો તરફી છે. વળી ૨૦૧૪માં પરિવર્તનની લહેર હતી એટલે નમો આવ્યા. આ વખતે ૨૦૧૯માં પરિવર્તન ના થાય એની લહેર છે. વિકાસની, કામની લહેર છે. જેને કારણે નમો આવશે. અને આજે આખો દેશ ઈચ્છી રહ્યો છે કે મોદી આવે અને હજી પાંચ દસ વર્ષ રહીને દેશને એક ઊંચાઈ સુધી પહોંચાડે, એક સર્જક તરીકે, પત્રકાર તરીકે બસમાં, ટ્રેનમાં, રીક્ષામાં, કારમાં, ઓફિસોમાં, ફ્લાઈટમાં, બજારમાં, જુદા જુદા શહેરોમાં, રાજ્યોમાં મેં ઘણા લોકોને પૂછ્યુ છે તો સૌનો એક જ જવાબ હોય છે કે " મોદી ઈઝ ધ બેસ્ટ "આ લહેર આ વખતે સાઉથના રાજ્યોમાં અને પશ્ચિમ બંગાળમાં પણ અસરકારક રીતે જોવા મળશે.

તત્કાલીન સમયમાં નરેન્દ્ર મોદી એકમાત્ર એવા વડાપ્રધાન છે કે જેમણે વિપક્ષોની સૌથી વધુ ગાળો અને પ્રજાનો સૌથી વધુ પ્રેમ મળ્યો હોય. કોઈએ એમને હિટલર સાથે સરખાવ્યા તો કોઈએ જલ્લાદ કહ્યાં, કોઈએ ખૂની તો કોઈએ નીચ કહ્યા, કોઈ વળી વિનાશ પુરુષ કહે છે તો કોઈ ચોર કહે છે. આવી અભદ્ર ભાષાના અનેક અભદ્ર વિશેષણો નમો માટે તો આ ચૂંટણી સમયે આભૂષણો જ પૂરવાર થવાના છે. કેમ કે પ્રજા જેને ચાહે છે, એને જે પક્ષ કે જે નેતા ગાળો આપે તો તેને પ્રજા સીધુ તો કાંઈ ના કરી શકે પણ ચૂંટણી સમયે ચોક્કસ પોતાની તાકાત બતાવી જ દેતી હોય છે. ઔરંગઝેબ, દૂર્યોધન, શકુની, આતંકી જેવા અનેક વિશેષણો નમો માટે વપરાયા, પરંતુ એના પરિણામ સ્વરૂપે નમો વધુ શક્તિશાળી થઈને બહાર આવ્યા છે. જે અગાઉની ચૂંટણીઓમાં જોવા મળ્યું છે.

૨૦૧૯માં નરેન્દ્ર મોદી જ વડાપ્રધાન શા માટે ? એક સમયને માટે વિચારી લઈએ કે નમો વડાપ્રધાનની રેસમાં છે જ નહીં. તો પછી વડાપ્રધાન કોણ ? આ પ્રશ્નનો જવાબ કોઈની પાસે નથી. એવું નથી કે દેશમાં વડાપ્રધાનના પદ માટે કોઈ સક્ષમ ઉમેદવાર નથી. છે, ઘણા છે. કદાચ નમો કરતાંય સારા અને હોશિયાર હશે. પણ કાં તો આવી વ્યક્તિ રાજનીતિમાં નથી અથવા હશે તો તેઓને ઉપર સુધી કોઈ આવવા જ નહીં દે. અથવા કોઈ પક્ષના કે નેતાના કે પદના કે પરિવારના પ્રભાવમાં દબાઈને રહી ગયા હશે. અત્યારે જેઓ વડાપ્રધાનની રેસમાં છે તેમાં ત્રણ વ્યક્તિ સૌથી ઉપર છે રાહુલ ગાંધી, માયાવતી અને મમતા બેનરજી. આ ઉપરાંત બીજી કેટેગરીમાં અખિલેશ સહિતના ઘણા છે. જો આમાંથી કોઈ વડાપ્રધાન બની ગયું તો ? કદી વિચાર્યું છે ખરું કે દેશનું શું થશે ? આખો દેશ ચલાવવાની ક્ષમતા આ કોઈનામાં છે ખરી ? વ્યક્તિગત ગમા અણગમા બાજુ પર રાખીને જાતને જ સવાલ પૂછશો તો પણ સાચો જવાબ મળી જશે. છતાંય આમાંથી કોઈ આવી ગયું તો ? કદી વિચાર્યું છે કે દેશનું શું થશે ? અરે દેશનું છોડો, આપણા સંતાનોનું, હવેની આવનાર પેઢીનું શું થશે ? આપણે આપણા ઘરની સિકલ પણ બે પાંચ વર્ષે નથી બદલી શકતા તો આ તો આખો દેશ બદલવાની વાત છે. ૧૩૦ કરોડનું ભાવિ સુરક્ષિત કરવાની વાત છે, જાતજાતની જ્ઞાતિ, જાતિ, ધર્મ, સંપ્રદાય, વિચારધારાના લોકોને સાથે રાખી, વિરોધ સહન કરી, દુશ્મનો સામે લડતા લડતા, દેશને સુરક્ષિત અને વૈશ્વિક કક્ષાએ સમૃદ્ધ, સુદૃઢ બનાવવો એ કાંઈ આસાન વાત નથી. અને આપણી વિચારધારા મોટેભાગે ટી.વી. અને અખબારો અને સોશિયલ મીડિયા આધારિત હોય છે. આપણે લાંબુ વિચારતા હોતા જ નથી. ક્યારેક આપણી આસપાસ છે તેમાંથી સારું શું ? એ વખતે એની તુલના કરવી પણ જરુરી હોય છે. હું સમજું છું કે મારી આ વાત ઘણા મિત્રોને નહીં ગમે, પણ જ્યારે સામાજિક સુરક્ષાની વાત આવે, દેશની સુરક્ષાની વાત આવે ત્યારે આપણે આપણી વ્યક્તિગત વિચારધારાને એકબાજુએ રાખીને વિચારવું જોઈએ.

આ ચૂંટણીએ મોટાભાગના નેતાઓના વ્યક્તિત્વ, ચરિત્ર અને જ્ઞાનને પણ ખૂલ્લું કર્યું છે. મોટાભાગના રાષ્ટ્રીય નેતાઓ ચૂંટણીના ભાષણો પણ કોઈના લખેલા વાંચી વાંચીને કરતા જોવા મળ્યા છે. એમને ખૂદને – ખૂદના વિચાર જેવું, ખૂદની સમજ જેવું કશું જ નથી. બીજા અધિકારીઓ લખી દે એ જ બોલવાનું. વળી ચૂંટણી પ્રચારોમાં પ્રજા મંચથી પંદર વીસ ફૂટ દૂર હોવાથી પ્રશ્ન પણ પુછી શકતી નથી. લખેલા ભાષણો વાંચનાર આવડા મોટા દેશના વડાપ્રધાન કંઈ રીતે બની શકે ? પણ આજે આ નેતાઓ દેશને ચલાવવો એટલે રિક્ષા ચલાવવા જેટલું સહેલું કામ સમજી બેઠા છે.

નરેન્દ્ર મોદી ફરીથી વડાપ્રધાન બનશે. પણ શા માટે ? એના કેટલાંક સર્વવ્યાપી કારણો ને તારણો છે. અ પાંચ વર્ષ પ્રજાએ પહેલીવાર આખા દેશને સતત પ્રવૃતિશીલ જોયો. વિશ્વ સમક્ષ દેશનું ગૌરવ થતું જોયું. વિશ્વની મહા સત્તાઓ અમેરિકા, રશિયા, ચીન, જાપાન, બ્રિટન જેવા દેશોએ ન.મોને આવકાર્યા, સન્માનિત કર્યા. એમના કાર્યની પ્રસંશા કરી છે. પણ આપણે તો એમનો વિરોધ જ કરવાનો. વિદેશ પ્રવાસો કરીને વિદેશનીતિને સક્ષમ બનાવીને હિંદુસ્તાનને એક વિકસિત દેશ તરીકે, મહાસત્તા તરીકે, ઉભરતા દેશ તરીકેનું ગૌરવ અપાવ્યું છે. જે આટલી સક્ષમતાથી અગાઉ કોઈ કરી શક્યું નથી. આ પાંચ વર્ષમાં અમુક કડક નિર્ણયો કરીને પોતાની નિર્ણયશક્તિનો પરિચય આખા દેશને આપ્યો છે. નોટબંધી, જીએસટી, ત્રણ તલ્લાક જેવા આર્થિક અને સામાજિક સુધારાઓ હિંમતપૂર્વક લાવ્યા છે. ભલે આ બધા નિર્ણયોનો ખૂબ વિરોધ પણ થયેલો છે. પરંતુ એ વિરોધ તો થવાનો, આપણા એક ઘરના પાંચ સાત વ્યક્તિના પરિવારમાં પણ બધાના વિચાર એકસરખા નથી હોતા તો આ તો ૧૩૦ કરોડ લોકોનો પરિવાર... લાખો. કરોડોનો વિરોધ રહેવાનો જ.. કારણ કે જ્યા વ્યક્તિવાદી, જાતિવાદી, ધર્મવાદી કે પરિવારવાદી સ્વાર્થનીતિ હોય ત્યા વ્યક્તિ પહેલા પોતાનું જ હિત ઈચ્છે છે. સમાજ કે દેશનું જે થવું હોય તે થાય. આવી સ્થિતિ આજે બાકીના તમામ પક્ષોના નેતાઓની છે. સૌ નો અત્યારે એક જ એજન્ડા છે. "મોદી હટાવો" કારણ કે સૌ ને ડર છે કે જો હવે બીજી વાર મોદી આવી ગયા તો પોતાના ભ્રષ્ટાચારો ખુલ્લા કરશે અને કદાચ જેલ પણ જવું પડે. વળી સૌની પાંચ વર્ષથી દુકાન બંધ થઈ ગઈ છે. જેની પાસે રાજકારણમાં પ્રવેશ વખતે સાયકલ પણ પોતાની નહોતી એવા નેતાઓના ઘર આજે એટલા મોટા છે કે ઘરમાં ય ગાડી લઈ ફરવું પડે છે. અને જો ફરીથી મોદી આવશે તો આ લોકશાહીમાં ચાલતી રાજાશાહી પણ બંધ કરી દેશે. આવી દહેશત બધાને છે. એટલે દુનિયાભરની તાકાત લગાવીને "મોદી હટાવો"ની ઝૂંબેશમાં લાગી ગયા છે.

આગળના ૬૦ વર્ષમાં એવું ઘણું બધું બની ગયું છે જે નહોતું બનવું જોઈતું. અને બન્યું તો કડક નિર્ણય લઈને પગલા લેવાની જરૂર હતી. પણ આતંકવાદીઓ છેક સંસદ સુધી પહોંચીને હુમલો કરી જાય અને છતાંય આપણે માત્ર હુમલાના પુરાવાઓ આપીને ચૂપચાપ બેસી રહીએ એ કેવું કહેવાય ? આવી જ રીતે ચાલશે તો તો આવતીકાલે આતંકીઓ નેતાઓને સંસંદમાં જઈને ગોળીએ નહીં દે એની શી ખાત્રી ? અહિંસા સારી છે. ક્ષમા વીરસ્ય ભૂષણમ – પરંતુ એક હદ સુધી. નમોએ પોતાની નિર્ણય શક્તિ બતાવીને કડક કાર્યવાહી કરી છે. વિપક્ષો કે દુશ્મનોની ટીકાનો વિચાર કર્યા